ચોથી ગુજરાત રાજકીય પરિષદના પ્રમુખ

મિ. અબ્બાસ તૈયબજીનું

ભાષણ.

ભાઇઓ અને બ્હેનો,

આ પરિષદના પ્રમુખ તરીકે મને ચુંટીને તમે મને જે માન આપ્યું છે તે માટે તમારો આભાર માનવાને મારી પાસે શબ્દો નથી. મને પ્રમુખની ખુરસી આપવામાં તમારો શો હેતુ હશે એ સમજવું મને મુશ્કેલ લાગે છે કારણ કે આપણા દેશના રાજકીય જીવનમાં મેં હજુ સુધી આગળ પડતો ભાગ લીધો નથી. આથી જે સવાલોનો ઉકેલ કરવા તમે અહિંયા ભેગા થયા છો એ વિષે મારા શા વિચારો છે એ ઘણા થોડાજ માણસો જાણતા હશે. પંજાબનાં રમખાણોની તપાસ કરવા નીમાએલા કોંગ્રેસ કમિશન સાથેના મારા સંબંધને લીધે, પંજાબમાં વર્તેલા કેરની બીના જાણવાને માટે તો તમે મને નહિજ ચુંટયો હોય એમ હું માનું છું. કારણ કે ત્યાં પીડાયલા માણસોની મારી આગળ પડેલી જુબાની પરથી મને જે જાણવાનું મળ્યું છે એ તમારી આગળ રજુ કરવા હું યોગ્ય ધારતો નથી. મને લાગે છે કે આ સવાલોની અંદર ઉંડા ઉતરવાની જરૂર નથી એટલુંજ નહિ પણ પંજાબના અત્યાચારોનો વિચાર સરખો પણ કરતાં મારી હાલની તબીઅતમાં મારા મગજને આઘાત પહોંચે એમ છે. પણ કોઈ પણ પક્ષ તરફ મેં હજુ મારૂં વલણ દર્શાવેલું નથી તેથી એક સલામત માણસ ગણીને મને ચુંટી કાઢવાનું તમે દુરસ્ત ધાર્યું હોય એમ બનવાજોગ છે. હું ઉમેદ રાખું છું કે તમે મારા વિષે જે આશાઓ બાંધી છે એ પાર પાડવા હું ફતેહમંદ થાઉં.

૨. જે રાજકીય સવાલ પર આપણું સૌનું ધ્યાન એકાગ્ર થઇ રહ્યું છે તે વિષે હું કાંઇ પણ બોલું તે પહેલાં લોકમાન્ય બાળ ગંગાધર ટિળકના અવસાનથી હિંદુસ્તાનને જે ભારે ખોટ પડી છે એ વિષે બોલ્યા વિના

હું રહી શકતો નથી. તમે સૌ તેમને ઓળખતા હતા, આ દેશની રાજકીય પ્રગતિ કરવામાં તેમણે જે કાર્ય કર્યું હતું તેથી તમે સૌ તેમને પિછાનતા હતા. આપણા રાજ્યકર્તાઓ પાસેથી આપણા સંપૂર્ણ હક્કને બદલે ટુકડા રોટલાની ભિક્ષા માગવી એ આપણી મર્દાઈને નથી છાજતું એ શીખવનાર તો તેઓજ હતા. આપણી પ્રજાકીય પ્રગતિમાં તેમના આ ફાળાને માટે આપણે તેમના અત્યંત ઋણી રહીશું.

૩. ભાઈઓ અને બ્હેનો, આપણા પ્રજાકીય જીવનમાં કટોકટીનો પ્રસંગ આવી પહોંચ્યો છે. આ પરિષદની આ બેઠક વખતે જે સવાલો પર આપણે વિચાર કરવાનો છે એ હરરોજના જેવા નથી. કારણ કે તેનો ઉકેલ ઘણોજ જલદીથી કરવાની જરૂર છે.

સુધારા અને બીજા હકકોની બાબતોનો નીવેડો સાધારણરીતે તરતજ કરવાની જરૂર પડતી નથી. આવી બાબતો વર્ષો સુધી ખેંચાતી આપણે જોઈ છે. પણ પંજાબમાં ગઈ સાલ થયા હતા એવા ભયંકર અત્યાચારો કરનાર અમલદારો વિષે ન્યાય મેળવવાના અને આવો અવધિ વાળવાની હિન્દી સરકારની સત્તાઓ રદ કરાવવાના સવાલ કંઈ મુલતવી રાખી શકાય નહિ, કારણ કે આવા બનાવો ફરીથી ગુજરાતમાં અને હિંદુસ્તાનના બીજા ભાગમાં કયારે બને તે કહી શકાય નહિ. તે જ પ્રમાણે ખિલાફતના સવાલ વિષે પણ તમારે તરતજ એ નિશ્ચય કરવો જોઈએ, કે સારી મુસલમીન કોમ તરફ ખલીફા પોતાની ફરજો બરાબર અદા કરી શકે તે માટે તુર્કી સાથે થયેલી સુલેહની શરતોમાં જરૂરી ફેરફાર કરાવવાને માટે તમારે કેવાં પગલાં ભરવાં જોઈએ ? આ સવાલને પણ થોભાવી શકાય તેમ નથી; કારણ કે સુલેહની શરતોનો એક વાર પૂરેપૂરો અમલ થઈ ગયો તે પછી મુસલમાન કોમના હક્ક ડૂબી જશે અને તેને પરિણામે આખી દુનીઆમાં એવા ભયંકર ઉત્પાત થશે કે જેનો અત્યારે ખ્યાલ આવે તેમ નથી. આ બાબતો વધારેમાં વધારે મહત્વની હોવાથી તે વિષે મારા વિચારો તમારા સમક્ષ પ્રથમ રજુ કરવાની રજા લઉં છું. બીજી બાબતો વિષે મારા વિચારો તે પછી જણાવીશ.

૪. બાનુઓ અને ગૃહસ્થો, આપણા પંજાબી ભાઇબ્હેનો ઉપર ગઈ સાલ જે ત્રાસ ગુજારવામાં આવ્યો હતો અને જેવો ત્રાસ ફરીથી થતો અટકાવવાને આપણે ઇચ્છીએ છીએ તે વિષે ચોકખી સમજ આપવાને માટે તા. ૧૭ મી જુલાઈના 'ધી નેશન' પત્રના અંકમાંથી હું નીચેની નોંધ ઉતારીશ.

" અંગ્રેજોની જીંદગીની પવિત્રતાનો ખ્યાલ બેસાડવાને માટે આખા

શહેરનાં શહેર અને ગામનાં ગામને શિક્ષા કરવામાં આવી; રાત્રે દીવા નહિ બાળવાના હુકમો કરવામાં આવ્યા અને તેનો ભંગ કરવાને માટે ફટકા મારવામાં આવ્યા; ગમે તેવા નીચા દરજ્જાના યુરોપીઅનોને પણ રસ્તે જનાર હિંદીઓ પાસે જોરજુલમથી સલામો ભરાવવામાં આવી; નિશાળોના સેંકડો વિદ્યાર્થીઓની પાસે પેરેડ કરાવવામાં આવી અને કદાવરમાં કદાવર છોકરાઓને ફટકા મારવામાં આવ્યા; કાચા કેદીઓની પાસે ગુન્હાની કબૂલાત કરાવવાને માટે તેમને રીબાવવામાં આવ્યા પણ તેવી કબૂલાત તો તેમણે આપી નહિ, જે ગુન્હા કદી થયા ન હતા તે ગુન્હાઓના પૂરાવા કઢાવવાને માટે પણ તેમને રીબાવવામાં આવ્યા; જનરલ ડાયરે જે જગ્યાને પવિત્ર ગણી ત્યાં આગળ હિંદીઓને પેટે ચલાવવામાં આવ્યા; લગ્નની આખી જાનને ફટકા મારવામાં આવ્યા (પણ આ તો ભૂલથી થયું); વકીલો અને આગેવાનોની આખી મંડળીને હાથકડી કરી શહેરના રસ્તાઓમાં ફેરવવામાં આવી; તહોમત વગર લોકોને પકડવામાં આવ્યા અને કેસ ચલાવ્યા વગર છોડી મૂકવામાં આવ્યા; સેંકડોને શિક્ષાઓ કરી પણ બિલકુલ નભી નહિ; દુર્ગંધ મારતી અને ભરચક ભરેલી કોટડીઓમાં સખત કેદની સજાઓવાળાને પૂરવામાં આવ્યા; કેટલાકને લાકડીઓના ગોદા મારવામાં આવ્યા; કેટલાકનું અપમાન કરવામાં આવ્યું; શહેરોમાં ફાંસીના અને ફટકા મારવાના માંચડા ઉભા કરવામાં આવ્યા; ગુજરાનવાલામાં વિમાનમાંથી બોમ્બ નાંખવાથી એક બાળકનો હાથ કપાઈ ગયો; જલીઆનવાલા બાગમાં બે બાળકોનાં ખૂન તો કબૂલ કરવામાં આવ્યાં છે, અને બીજા કેટલાકના ખૂનના દાખલા આપવામાં આવ્યા છે—પંજાબના આપણા આર્ય અને અનાર્ય બંધુઓની આવી હાલત થઈ. " ભાઈઓ અને બ્હેનો, આ ઉપરાંત લાહોરમાં લોહારી ગેઈટ અને બાદશાહની મસજીદ આગળ ગોળી ચલાવવામાં આવી હતી, જલીઆનવાલા બાગમાં જનરલ ડાયરે કતલ ચલાવી હતી અને વિમાનમાંથી બોમ્બના ગોળા ફેંકવામાં આવ્યા હતા.

૫. આ ઘણીજ ન્હાની યાદી ઉપર વિચાર કરવાને હું તમને વિનંતિ કરૂં છું. ઉપરાંત આપણા લોકોને માત્ર હિંદી હોવાના કારણે જ બીજી ઘણી મુસીબતો ભોગવવી પડી હતી. દાખલા તરીકે પાણી અને વિજળીનો પ્રવાહ બંધ કરવામાં આવ્યો હતો, એપ્રિલ અને મે માસની ગરમીમાં હિંદી સ્ત્રીપુરૂષો પાસેથી વિજળીના પંખા લઈ લેવામાં આવ્યા હતા, સાથે સાથે બેથી વધારે હિંદીઓને લાહોરના રસ્તામાં ન ચાલવા દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો, અને એવા બીજા હુકમો પણ પસાર કરવામાં આવ્યા હતા. જે હુલ્લડ સર માઈકલ ઓડવાયરની કલ્પનામાંજ ભમતું હતું તેને દાબી દેવાને આમાંના કેટલા હુકમો

પસાર કર્યા હતા અને ગોરા લોકોની પ્રતિષ્ઠા વધારવાને તથા કાળા લોકોને જાહેઆ કરવાને આમાંના કેટલા પસાર કર્યા હતા ? આપણા વિશાળ દેશમાં હિંદમૈયાનો એવો કયો સપૂત હશે કે જે આવાં કામ ફરીથી ન થાય એવા માત્ર સંભવ ઉપર જ આધાર રાખીને શાન્તિથી બેસી રહે ?

૬. પંજાબની કોંગ્રેસ સબકમિટીનો રીપોર્ટ તૈયાર થયા પછી આપણા રાજ્યકર્તાઓના અને બ્રિટિશ પ્રજાના મન પર આપણી ફરિયાદો ઠસાવવાને આપણા જાણવામાં હતાં એવાં બધાં પગલાં આપણે લીધાં છે. હિંદુસ્તાનનું રાજ્ય ન્યાય અને મનુષ્યત્વના ધોરણ ઉપર ચલાવવાનો જેઓ દાવો કરે છે તેમની પાસેથી આપણને પૂરો ન્યાય મળશે એવો આપણને પૂરેપૂરો ભરોંસો હતો. હવે આપણા પ્રયત્નથી હિંદી સરકાર પર શી અસર થઈ, અને તેમણે આપણને કેટલો ન્યાય આપ્યો છે તે આપણે જોઇએ. આપણે માત્ર શબ્દોથી ભોળવાઇ જવું ન જોઈએ, પણ રાજ્યકર્તાઓએ જે ચોક્કસ પગલાં લીધાં છે તે તપાસીએ. હંટર કમિટીનો રીપોર્ટ બહાર પડયા પછીજ જનરલ ડાયરને જલીઆનવાલા બાગમાં કરેલાં ઘોર કૃત્યો વિષે ઠપકો આપવાનું સરકારને સૂઝયું છે અને આપણા જાણવામાં છે ત્યાંસુધી એ એકજ અમલદારને પોતાનાં ઘાતકી કૃત્યોને માટે કંઇ પણ અગવડ ભોગવવી પડી છે. (કર્નલ જોન્સન, મિ. સ્મીથ અને એવા બીજા અમલદારો તો હજી પોતાનો હોદ્દો પૂરેપૂરો ભોગવી રહ્યા છે.) ગઈ સાલની માફક અત્યારે પણ આપણાં ખૂન કરવાને અને આપણને ધૂળભેગા કરવાને તેઓ તૈયાર છે. આવા અત્યાચાર કરનારની સામે સરકાર પોતે કાંઈ પણ પગલાં ન લઇને જ સંતોષ પામી હોત અને તેમની સામે કાયદેસર ઈલાજ લેવાની બારી આપણે માટે ખુલ્લી રાખી હોત તો તેની બેપરવાઈ વિષે હાલના કરતાં કાંઈ જુદો ખ્યાલ આપણે રાખત. પણ હવે તો અમલદારોને મુક્તિ આપનારો કાયદો પસાર કરીને બીજી કોઈ પણ સત્તાની પાસેથી દાદ મેળવવાની તક ખુંચવી લેવામાં આવી છે. વળી ઇંગ્લંડને વિષે પણ આપણને એવી આશા હતી કે તે દેશમાં પરંપરાથી ઉતરી આવેલી ન્યાયબુદ્ધિ અને પરમાર્થવૃત્તિથી ત્યાંની પ્રજા અપકૃત્યોને માટે જવાબદાર નાનાથી મોટા તમામ અમલદારોને તેમની જગ્યા પરથી બરતરફ તો કરશે જ. પણ અમીરો અને આમની સભામાં જે ચર્ચા થઇ તે ઉપરથી શું સમજાય છે ? આમની સભામાં હિન્દી વજીરે આપણા દેશમાં થયેલા અત્યાચારોની સામે જોસભેર ભાષણ કર્યું પણ પંજાબમાં ત્રાસ વર્તાયો તે વખતે આપણા વાયસરૉયે બેપરવાઈ અને નિષ્ઠુરતા બતાવી અને પોતાના હાથ નીચેના અમલદારોના અત્યાચારો હકીક

હાથે કરીને આંખમાં ધૂળ નાંખવા દીધી તેમને અને આ ભયંકર ગુન્હાના મૂળ કારણરૂપ સર માઈકેલ ઓડવાયરને સારી ચાલનાં સરટિફિકેટ આપ્યાં.

૭. લાહોરના સરકારી મહેલમાં જે 'વૉર (લડાઇની) ડાયરી' રાખવામાં આવી હતી તેમાં એક નોંધ કરવામાં આવી છે તે તમારે હંમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ. કે તે ઉપરથી સર માઈકેલ ઓડવાયરનો અને તેમની હાથ નીચેના દિવાની અને લશ્કરી અમલદારોનો કીન્નો પરખાઈ આવે છે. એ નોંધ એવી છે કે "૧૬મી ટુકડીના સરદારે વિમાનો મોકલવાની અને જરૂર પડે તો ઉપરથી ગોળા વરસાવવાની માગણી કરી છે અને તે માટે શિકાર સરસ હાથ લાગ્યો છે. વિમાનો વાપરવાની તક સુંદર લાગે છે." આ નોંધને માટે ગમે તે જવાબદાર હોય તો પણ સર માઈકેલ ઓડવાયરના મળતીઆઓની વૃત્તિ આ ઉપરથી પૂરેપૂરી સાબિત થાય છે. આ અમલદારોની વૃત્તિમાં સર માઈકેલ ઓડવાયરની વૃત્તિનુંજ પ્રતિબિંબ પડે છે એ અનુમાન વધારે પડતું નહિ ગણાય. છતાં હિન્દી સરકાર, બ્રિટિશ પ્રધાનમંડળ અને મિ. મોન્ટેગ્યુ આજ માણસને સાબાશી આપવાને આપણી આગળ ધરે છે.

૮. પંજાબમાં જે કાંઈ કરવામાં આવ્યું છે તેનો સર એડવર્ડ કાર્સને જે બચાવ કર્યો છે તેમાં વળી પાર્લામેન્ટના મોટા ભાગના સભાસદોનું મન જણાઈ આવે છે. જ્યારે આપણે જોઇએ છીએ કે ઈંગ્લંડની પ્રજાના મોટા ભાગના પ્રતિનિધિઓ ઓડવાયરની રાજનીતિને ટેકો આપે છે ત્યારે પછી મિ. મોન્ટેગ્યુ અને પ્રધાનમંડળ આમની સભામાં છેવટે ફતેહમંદ થયા તેથી આપણે શું લ્હાણુ કાઢયું ? (ઈંગ્લંડના મજૂરપક્ષે આપણને પાર્લામેન્ટની અંદર તેમજ બહાર મદદ કરી તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. પણ દુર્ભાગ્યે તે પક્ષનું કાંઈ વળી શકે તેવી સ્થિતિ ન હતી.) છતાં આમની સભાના છેવટના ઠરાવથી— નજીવો પણ—કાંઇક દિલાસો આપણને મળ્યો, પણ અમીરોની સભાની ચર્ચાને વિષે આપણે શો ખ્યાલ બાંધીશું ? એ ચર્ચા અને એનાં પરિણામથી વધારે ખરાબ શું હોઈ શકે ? તે સભાના વાતાવરણથી લૉર્ડ સિંહા પણ એટલા બધા વ્યાકુળ થઈ ગયેલા જણાય છે કે પંજાબનાં રમખાણોને વિષે ગોળ ગોળ વચનો કહ્યા પછી તેમને એટલીજ સલાહ આપવાની જડી કે ગઇ ગુજરી વિસારી દો અને સુધારાને સફળ કરવાને માટે તેનો અમલ કરવામાં સહકાર કરો. આમાં તો લૉર્ડ સિંહાએ અત્રેના અને વિલાયતના અંગ્રેજ લોકોએ ગાયેલું ગીત ગાયું. જેમણે ખૂનરેજી કરી હોય તેમને અને તેમના વખાણનારાઓને તો એ કહેવું સહેલ છે કે ગઈ ગુજરી વિસરી જવી અને સુધારાને સફળ કરવામાં બન્ને કોમના લોકોએ સહકાર કરવો પણ હિન્દી

પ્રજાના અપમાનનું શું ? હિન્દીઓની ફરિયાદની પૂરી પારખ પણ ન થઇ–ન્યાય કે દાદની વાત તો કયાંયે રહી ! તો પછી ભવિષ્યમાં કાંઇ પણ મતભેદ પડે કે મુદ્દાનો સવાલ ઉભો થાય ત્યારે પહેલાંની માફક જ વર્તે એવા લોકોની સાથે હિન્દીઓના સહકારની આશા કેમ રખાય ?

૯. હવે આપણે ખિલાફતના સવાલ પર વિચાર કરીશું.

૧૦. બાનુઓ અને ગૃહસ્થો, યૂરોપમાં જે વખતે અનેક રાજ્યોનાં ભવિષ્ય ત્રાજવામાં તોળાતાં હતાં તે વખતે ઇંગ્લંડના જવાબદાર પ્રધાનોએ જે વચનો આપ્યાં અને જે વચન પર ભરોંસો રાખી ખુદ ટર્કીની સામે આપણા મુસલમાનભાઇઓ લડાઈમાં ઉતર્યા તે વચનોનું તમારી આગળ વિગતવાર વર્ણન કરવા હું નથી માગતો. તે વચનોનો કેવી રીતે ભંગ કરવામાં આવ્યો છે અને તુર્કીને સુલેહની જે શરતો પર સહી કરવી પડી છે તે વિષે મોલવીઓ અને સૌ ઇસ્લામીઓ કેવું વલણ ધરાવે છે તે તો તમે સૌ જાણો છો. તમે એ પણ સમજો છો અને સારૂં હિન્દુસ્તાન સમજે છે કે ત્રણ મહારાજ્યોએ બીજા દેશોને પચાવી પાડવાની જે રાજ્યનીતિ અખ્તિયાર કરી છે તેને લીધે જ યૂરોપના રાજ્યકર્તાઓએ મળીને આ ઈસ્લામી મહારાજ્યના ટુકડે ટુકડા કરી નાંખ્યા છે. વડા પ્રધાન ભડભડી ઉઠયા તે પ્રમાણે ઇંગ્લંડ તો તેલની પાછળ પડયું છે, કારણ તેમણે નહોતું કહ્યું કે જે દેશને પૂરતા પ્રમાણમાં તેલ મળશે તે સર્વોપરિ બનશે ? મેસોપોટેમિયા પર રાજ્ય કરવાનો પટો મેળવવાનો ઇંગ્લંડે આગ્રહ કર્યો છે અને બીજાં રાજ્યોની અદેખાઈને વારવાને તુર્કીના બીજા ભાગના પર રાજ્ય ચલાવવાનો પટો બીજાને આપીને જ પોતાનો પટો ઇંગ્લંડ મેળવી શકયું છે. સુલેહના ચૌદ સિદ્ધાંતો રચવામાં સામેલ થયેલા પ્રેસિડન્ટ વિલ્સને કે બીજા કોઇએ એવું કદી પણ ધાર્યું હતું કે ત્રણ મહારાજ્યો તુર્કીની વહેંચણી કરીને તે વિષે પ્રજામંડળની સંમતિ મેળવશે ? આથી ઉલટું એમ ધારવામાં આવ્યું હતું કે આ મંડળ પોતાની મેળે જ જુદી જુદી પ્રજાઓની ઇચ્છાઓને પારખીને તે મુજબ તેમના રાજ્યની વ્યવસ્થા કરશે. પણ તે પ્રજાઓની સાથે તેમના હાકેમોને લડવું પડશે એમ કોણે ધાર્યું હશે ? અને છતાં ત્રણે મહારાજ્યોએ જેમને હકુમત સોંપેલી તેઓ પોતાને સોંપાએલી પ્રજા સાથે લડયાં જ કરે છે. થ્રેસની પ્રજાને પોતાની ઇચ્છા દર્શાવવાની તક આપ્યા સિવાય તેની હકુમત ગ્રીસને સોંપી દેવાથી થ્રેસની પ્રજા ઉપર ભયંકર ત્રાસ વર્તાયો છે અને તેવો જ ત્રાસ ગ્રીક લોકોને સ્મર્નાની હકુમત સોંપવાથી પહેલાં ત્યાં વર્તાયો હતો. સિરિયાની મુસ્લિમ અને ખ્રિસ્તી પ્રજાએ અમીર ફૈઝુલને પોતાના રાજા તરીકે સ્થાપ્યો હતો પણ તે પ્રદેશની હકુમત ફ્રાન્સને સોંપવાથી તે રાજાને હાંકી કાઢવામાં આવ્યો છે. વળી મેસો-

પોટેમિયાની હકુમત બ્રિટિશ રાજ્યને સોંપવામાં આવી છે ત્યાં આરબલોકો સાથે નિરંતર લડાઈ ચાલ્યાં કરે છે. બાનુઓ અને ગૃહસ્થો, આમ તુર્કીના રાજ્યને ઉચાપત કરવાને અને ચૂસવાને નવા હાકેમોને સોંપવાની યોજના પૂરેપૂરી નિષ્ફળ જશે કારણ કે તે હાકેમોના સિપાઇઓ, નાણાં અને પ્રતિષ્ઠાનો આથી ક્ષય થશે. સારી મુસ્લિમ આલમ આ સુલેહને અસંભવિત માને છે કારણ કે, તેના મત મુજબ, એથી ઈસ્લામના મૂળ પરજ છેદ મૂકાયો છે.

૧૧. આવી સ્થિતિમાં તુર્કીની મુસલમાન પ્રજા સ્વાભાવિક રીતે પોતાના નવા હાકેમોને ધિક્કારે તો પછી તેમની વચ્ચે મિત્રાચારીનો સમ્બન્ધ જામે એમ તમે ધારો છો ? એમ બનવાજોગ છે કે તે હાકેમો પોતાની ધારણા પ્રમાણે સફળ થાય પણ જરૂર ખાતરી રાખજો કે આથી તેમની મુસલમાન રૈયતનો તો સદંતર નાશ થશે. આપણે જાણીએ છીએ કે ભૂતકાળમાં જ્યારે મૂળ વતનીઓની ઉપર સુધરેલી પ્રજાઓએ રાજ્ય કર્યું છે ત્યારે પરાધીન પ્રજાઓનો તો નાશ જ થયો છે. પહેલાં તો યૂરોપવાસીઓ બાઇબલ, બન્દુક અને બીઅર (દારૂ)થી કામ લેતા. હવે મુસલમાનોના ઉપર બન્દુક, બીઅર અને બાઈબલથી કામ લેવાશે એમ લાગે છે. મેસોપોટેમિયાના ૨૦ લાખ આરબોને દબાવી દેવાને માટે (એટલે તેમના પર સખ્તાઇથી રાજ્ય ચલાવવાને) ૭૫૦૦૦ અંગ્રેજ સિપાઈઓ અને ૫૫ થી ૬૦ હજાર હિંદી સિપાઇઓનું લશ્કર રાખવામાં આવ્યું છે અને હિંદી સિપાઇઓની સંખ્યામાં તો દરરોજ વધારો કરવામાં આવે છે. એટલે ૨૦ લાખની વસ્તી ઉપર લડાઈના છેલ્લામાં છેલ્લાં શાસ્ત્રીય હથીઆરોથી સજ્જ થયેલું ૧,૩૦,૦૦૦ માણસનું લશ્કર રોકાયું છે. આની અસર શી થવાની ? લડી શકે એવા તમામ મુસલમાનોનો નાશ થશે ત્યાંસુધી નિરંતર છૂટીછવાઈ લડાઇ ચાલ્યાંજ કરશે. જે સુલેહથી આવી અસર પહોંચે તે મુસલમાનો કબૂલ રાખી શકેજ નહિ. તુર્કીના મૂળ પ્રદેશમાં દરરોજ આવી લડાઇઓ થતી જોઇને જ્યારે આ વાતની સૌને ખાત્રી થશે ત્યારે ઈંગ્લંડ વગેરે દેશની પ્રજાઓ આવી સુલેહની શરતોને સુધારવાને માટે પોતાના રાજ્યને ફરજ પાડશે. સુલેહની શરતોથી ઈસલામને કાયમનું નુકસાન થાય તે પહેલાં તેમાં તરતજ સુધારો કરાવવા માટે અસહકારની લડત કરવાનું મુસલમાનોએ યોગ્ય ધાર્યું છે, અને તમારામાંના ઘણા હિંદુભાઈઓ પણ આ ચળવળમાં જોડાયા છો. છતાં ઈસલામને મદદ કરવાને સારુ હિંદુસ્તાને શું કરવું જોઈએ તે વિષે તમારો જે કંઈ મત હોય તે જાહેર કરવાની તમને છૂટ છે.

૧૨. બાનુઓ અને ગૃહસ્થો, પંજાબમાં થયેલા અત્યાચારોને વિષે ન્યાય અને નુકસાની મેળવવાને, અને ભવિષ્યમાં એવો ત્રાસ થતો અટકાવવાને તેમજ બ્રિટિશ પ્રધાનોના વચન મુજબ તુર્કી સાથેની સુલેહની શરતોમાં સુધારો કરાવવાને મુસલમાનભાઇઓને મદદ કરવા આપણે શું કરવું જોઇએ તે હવે વિચારીએ. જો પંજાબના બનાવો મનમાંથી કાઢી નાંખીને વિસારે નાંખવાનું અને આપણને મળેલા સુધારાને સફળ કરવાનું બની શકતું હોય તો તે કામ હું ઘણોજ ખુશીથી કરૂં એવો માણસ છું. બીજા રસ્તા ખુલ્લા હોય તો અંતિમ માર્ગ લઉં એવો મારો જલદ સ્વભાવ નથી. પણ પંજાબના બનાવો અને તેને માટે જવાબદાર અમલદારો વિષે હું જે કાંઈ જાણું છું તે ઉપરથી મારાથી તો એમ નજ કહી શકાય કે ' હવે તો બધું પતી ગયું, હવે આપણે સુધારાનું જ કામ લઈ બેસવું. ' રમખાણોની તપાસ કરવાને માટે બે બિન-અધિકારી કમિશનો નીમાયાં હતાં. તેમાં મેં કામ કર્યું છે અને તે ઉપરથી મારા દિલમાં ઠસી ગયું છે કે આપણને ફાવે તે જગ્યાએ આપણી મરજી મુજબ રહેવાના, વિચાર કરવાના અને વિચારો છૂટથી દર્શાવવાના જન્મસિદ્ધ હકકો ન મળે ત્યાં સુધી સુધારા એ આત્મા વિનાના શરીર જેવા છે. આ જન્મસિદ્ધ હક્ક મેળવવાનો આપણે વિચાર પણ ન કરીએ તે માટે ઓડવાયરશાહીની આણ વર્તાવી હતી. તો પછી લોર્ડ સિંહા અને તેમના જેવા વિચારના માણસો આપણને જે સલાહ આપે છે તે આપણને શા ઉપયોગની છે ? ઓડવાયરશાહીના પક્ષકારો સાથે આપણે સહકાર કરી શકતા નથી. આપણને અહીંઆના અંગ્રેજો સાથે સહકાર કરવાનું કહેવામાં આવે છે પણ તેમણે આપણા દર્દમાં શી દિલસોજી બતાવી છે ? પંજાબમાં જુઓ અને તેમની નજર આગળ હિન્દીઓને રીબાવવામાં આવ્યા અને ધૂળભેગા કરવામાં આવ્યા તે વિષે તેમની ઠઠ્ઠા મશ્કરીઓ સાંભળો તો તમે સમજી શકશો કે તેમની સાથે સહકાર કરવો એ કેવળ અશક્ય છે. અંગ્રેજ કોમની વતી ' ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ' પત્રે એમ લખવાની હિમ્મત ધરી હતી કે ડાયરનાં કૃત્યોને ઘણાખરા અંગ્રેજો વખોડી કાઢે છે. એ લખાણથી એટલો બધો શોરબકોર થયો કે જેથી તે પત્રને પછીથી વધારે સાવચેત થવું પડયું અને આ વિષે આખી કોમની વતી લખવાનો દાવો માંડી વાળ્યો.

ભાઈઓ અને બ્હેનો, ઓડવાયરશાહીનું ભૂત આપણી આંખ આગળ ભમતું હોય ત્યાં સુધી જીવવામાં કાંઈ સાર નથી એવી મારી માન્યતા હોવાથી જ ભૂતકાળને વિષે ન્યાય મેળવવાનો અને ભવિષ્યને માટે પણ રક્ષણ શોધવાનો કાંઈ માર્ગ ખોળી કાઢવાને આ પરિષદ મળી છે તેનો પ્રમુખ થવાની ગંભીર જવાબ-

હારી મેં સ્વીકારી છે. આ રસ્તો ખોળવામાં તમારે યાદ રાખવાનું છે કે આપણી અને અરજીઓ, ઠરાવો અને ડેપ્યુટેશનો બધાં નિષ્ફળ નીવડયાં છે અને તે પછી ઉંડો વિચાર કરો કે આ અનર્થનું નિવારણ કરવાને તમારી પાસે કંઈ પણ ઈલાજ રહ્યો છે કે તમારે એ અનર્થને કેવળ અસહાય થઈને વશ થવું છે? આપણે નિર્બળ, નિઃશસ્ત્ર અને પરાધીન પ્રજા છીએ. લડાઇ દરમ્યાન પ્રજાઓની સમાનતા અને ભ્રાતૃભાવ ખીલવવાને વિષે આપણે જે બધું સાંભળતા હતા તેમાંનું કશું હજી નીપજ્યું નથી, તો હવે આપણે શું કરીશું? આખા દેશમાં જે એકજ માર્ગ સૂચવવામાં આવ્યો છે તે અસહકારનો છે. હું તો એમ માનું છું કે અસહકાર એ નિર્બળ, પરાધીન અને સાધનસંપત્તિરહિત પ્રજાનું છેલ્લું શસ્ત્ર છે. આમ કહેવામાં આપણા પૂજ્ય મહાત્માજીનાથી હું જુદો પડું છું તેમ કોઈ પણ સંજોગોમાં અસહકાર ન કરી શકાય એમ માનનારાની સાથે પણ હું મળતો થતો નથી. તમે બધા જુદા પડો તે પહેલાં તમારે એ નિર્ણય કરવો પડશે કે ભૂતકાળને વિષે ન્યાય મેળવવાને અને ભવિષ્યને વિષે રક્ષણ શોધવાને અસહકારના સિવાય બીજો કોઇ પણ એવો માર્ગ રહ્યો છે કે જેમાં સફળ થવાનો ૨૫ ટકા જેટલો પણ સંભવ જણાતો હોય? આપણને જે જોઈએ છીએ તે મેળવવાનો અસહકાર સિવાય બીજે કોઇ રસ્તે ૨૫ ટકા જેટલો પણ સંભવ હોય તો હું તે સ્વીકારી લઉં અને મારાથી બને તેટલા આગ્રહપૂર્વક અસહકારને બદલે તેનો અંગીકાર કરવા હું તમને સલાહ આપું. પણ અત્યાર સુધીમાં હું બીજો કોઈ માર્ગ શોધી શકયો નથી અને તેથી તેવો કંઈ તમારી આગળ રજુ કરવાને અશકત છું. પણ જો આપણી ચર્ચા દરમ્યાન બીજો કંઈ માર્ગ શોધી કાઢવામાં ન આવે તો અસહકારની મુશ્કેલીઓ અને જોખમોનો મને પૂરેપૂરો ખ્યાલ હોવા છતાંયે પણ ખિન્ન હૃદયે મારે તેનો સ્વીકાર કરવો પડશે. એક વાત જરૂર ધ્યાનમાં રાખજો કે અસહકારવાદીઓ પોતાની લડત સાચા દિલથી, શાન્તિપૂર્વક ચલાવવાનો નિશ્ચય કરે તો પણ બીજાં કેટલાંક કારણથી તેમના કાર્યમાં વિઘ્ન આવે એવો સંભવ છે. મુંબાઈમાં મુસ્લિમ લીગની બેઠક મળી અને લાહોરમાં બાદશાહી મસ્જીદ આગળ ગોળીબ્હાર કરવામાં આવ્યા તે વખતે આવો કાંઇક અનુભવ આપણને થયો ન હતો? તમને કદાચ યાદ હશે કે તે વખતના પોલિસ કમિશનરના મત વિરૂદ્ધ મુસ્લિમલીગની બેઠક મુંબાઈમાં મળી તે વખતે કેટલાક લોકોએ ધાંધળ કર્યું અને પ્રમુખને ગાળો દીધી તેથી સભા વિખેરી નાંખવી પડી. મુસ્લિમ લીગની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખે અને સભાસદોએ તોફાનીઓને બહાર કાઢવાને પોલિસ અમલદારોને કહ્યું પણ તેણે વચમાં પડવાની ના પાડી અને જણાવ્યું કે 'જો સભા બરખાસ્ત કરવામાં આવે તો હું મંડપનો કબજો લઇ લઉં.' કંતાનના પડદાની પાછળ છુપીરીતે

સિપાઈઓને મોટી ડાંગો આપીને ખડા કર્યા હતા, અને સભાનું ભંગાણુ પાડનારને જો કોઈએ બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હોત તો તેમની ઉપરજ આ ડાંગોનો ઉપયોગ થાત એમાં મને જરાયે શંકા નથી. પણ મિ. મઝરૂલ હકકે સભા શાન્તિથી બરખાસ્ત કરીને સમય સાચવી લીધો. તેજ પ્રમાણે લાહોરની બાદશાહી મસ્જીદમાં લાગણી ઘણીજ તેજ હતી એ વખતે એક છુપી પોલિસના અમલદારે લોકોને ઉશ્કેરી મૂકયા, તેથી તેને બળજોરીથી બહાર કાઢી મૂકવામાં આવ્યો એટલે ઉશ્કેરણી શાન્ત થઈ; અને છતાં આ બહાનું કાઢીને પછીથી લોકો પર ગોળીબ્હાર કરવામાં આવ્યા. આમ અસહકાર કરવાથી જે લોકો આપણો કેડો કદી પણ નહિ મૂકે તેમની સાથે અને ખુદ સરકારની સાથે તકરારમાં ઉતરવાનું જોખમ આપણે વ્હોરવું પડશે. જો એવી તકરાર થશે તો પછી:ઓડવાયરશાહી બમણા જોરથી ફાટી નીકળશે, અને તમે ખાતરી રાખજો કે દારૂગોળાની કે તોપોની કે વિમાનોની તે વખતે કાંઈ ખોટ પડશે નહિ. કોઈ ચસકેલા મગજનો અમલદાર એમ ધારી બેસે કે અસહકારની હીલચાલ બળવારૂપ છે અને તેથી લશ્કરમાં હજી પણ ભરેલા ડાયર જેવા અમલદારોને આખો મામલો સોંપી દેવો જોઈએ એટલે પછી પંજાબના અત્યાચારો કરતાં પણ વિશેષ પ્રસાદી આપણને મળશે. જો છેવટે અસહકારનો સ્વીકાર કરવાનું નક્કી કરો તો તેના ક્રમની વિગતો ઘડવામાં આ વાત જરૂર ખ્યાલમાં રાખજો.

૧૪. આ ચળવળ ખૂનામરકીને પૂરેપૂરી બાતલ કરવાના ઈરાદાથી શરૂ કરવામાં આવે તો છતાં પણ આવા અનિષ્ઠ બનાવને લીધે તોફાન થવાનું જોખમ રહે છે. તે ઉપરાંત બીજાં પણ કેટલાંક જોખમો છે તે તરફ હું તમારૂં ધ્યાન ખેંચીશ. કેટલાંયે વર્ષોથી હિન્દુઓ અને મુસલમાનોને એક કરવાના પ્રયત્નો થતા હતા તે નહિ જેવાજ સફળ થયા હતા. પણ ગઈ સાલ રામનવમીના તહેવાર દરમ્યાન અને તે પછી લોકોનાં શાન્ત ટોળા ઉપર નકામા ગોળીબ્હાર થવાથી બહોળા જનસમૂહાય ઉપર કંઈ વિલક્ષણ અસર થઈ; તેથી અમારા હાથનું શરબત હિંદુ ભાઈઓએ લીધું, અમારી મસજીદોમાં ભરાયલા જલસાઓમાં ભાગ લેવાને અત્રે હિંદુભાઈઓને નોતર્યા અને છેવટે ગોળીથી મરી ગયેલાં એક કોમના માણસોનાં મુડદાં બીજી કોમના માણસોએ ઉચકયાં. આ કામ આપણે શાન્તિથી વિચાર કરીને નથી કર્યું તેમ હંમેશના રિવાજ તરીકે આવું કરતા નથી. તે ઉપરથી જણાય છે કે આપણી એકતા હજી અધૂરી છે અને બહુ ભારે કસોટીમાં તે કદાચ પાર ન ઉતરે તેથી હિંદુ મુસલમાન એકતાનું જે કાર્ય હાલ ચાલી રહ્યું છે તેમાં તૂટ પડે એવું કંઈ પણ આપણે ન કરવું જોઈએ. સિન્ધમાં ખિલાફત કમિટી તરફથી અસહકારની જે ચળવળ શરૂ કરવામાં આવી

છે તેનોજ દાખલો લઇએ. તે પ્રાન્તની વસ્તિમાં ૯૦ ટકા મુસલમાનો અને ૧૦ ટકા હિન્દુઓ છે. ત્યાં મોટા ભાગની જમીનના માલિક મુસલમાનો હતા. તેમની પ્રતિષ્ઠા હવે ઘટી ગઇ છે અને કેળવણીના અભાવે તેઓ પોતાની મિલકત ગુમાવતા જાય છે. આમ બે કોમની વચ્ચે જે હોળી સળગી છે તે હજી તો ટાઢી પડતી જાય છે તે દરમ્યાન અસહકારની હીલચાલથી મુસલમાનો પોતાની જમીન એક કે બીજા કારણસર છોડતા જાય છે અને તે સ્વાભાવિકરીતે હિંદુઓ લેતા જાય છે અને આવું હજી તો કેટલાંયે વરસો સુધી ચાલશે. જો હિજરતની ચળવળ ચાલુ રહે તો આવડી મોટી કસોટીમાં હિન્દુ મુસલમાનની એકતા ટકી શકે એમ તમે ધારો છો ?

૧૫. છેવટે જો તમે અસહકારનો સ્વીકાર કરો તો એટલી તો ખાતરી જરૂર રાખજો કે તમને પૂરેપૂરી ફતેહ મેળવતાં કેટલોય વખત–ઘણું કરીને કેટલાંયે વર્ષ–લાગશે કારણ કે પ્રજાને તમે કહો તે કરે તે માટે તેને તાલીમ આપવી જોઇશે અને વ્યવસ્થા કરવી પડશે. વિલાયતમાં મજૂરપક્ષે પ્રજાને લાંબા વખત સુધી તાલીમ આપીને અને વ્યવસ્થા કરીને છેવટે રાજ્ય કારણ ઉપર અસર પહોંચાડવાની સત્તા મેળવી છે.

૧૬. અસહકારનો ગમે તે ક્રમ નક્કી કરો; તેમાં એટલું ધ્યાનમાં રાખજો કે જવાબદારી અને સ્વાર્થત્યાગનો ખરેખરો બોજો પ્રથમ તો આગેવાન અને કેળવાયલા વર્ગના ઉપરજ પડશે. આવી ભારે ચળવળ ચલાવવા જ્યાં આત્મસંયમની તાલીમ હજી પ્રજાના મોટા વર્ગને મળી નથી તેથી તેની જવાબદારી તો ઓછીજ રહેશે.

૧૭. તુર્કીને સુલેહની જે શરતો ઉપર સહી કરવાની ફરજ પડી છે તેમાં ફેરફાર કરાવવાને માટે હિંદુસ્તાનના મુસલમાનોએ અસહકારની હીલચાલ શરૂ કરી છે, કારણ કે હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની બહાર તેમણે જે અરજીઓ મોકલી છે તેનું કંઇ પરિણામ આવ્યું નથી, એટલુંજ નહિ પણ વડા પ્રધાને પહેલાં આપેલાં વચનો હવામાં ઉડી ગયાં છે. છતાં પણ તેઓ તુર્કીની સલ્તનતનો લગભગ નાશ થતો જોઇને હવે સંતોષ બતાવે છે તો મુસલમાનોને મદદ કરવાને માટે તમે હિંદુભાઇઓ શું કરવા ધારો છો ? હું આ મુશ્કેલીભર્યા સવાલ ઉપર લાંબી ચર્ચા કરવા માગતો નથી, કારણ કે આમાં મુસલમાનોની ધાર્મિક લાગણી ઉપરાંત તમામ કાળી પ્રજાઓની પ્રતિષ્ઠાનો સવાલ સમાયેલો છે. બ્રિટિશ સામ્રાજ્યમાં આવેલા ગોરા લોકોના કોઈ સંસ્થાનને વિષે જો વડા પ્રધાને કંઈ મહત્વનું વચન આપ્યું હોત તો તેની વિરૂદ્ધ સુલેહ કરવાની તેણે

કદિ પણ હિમ્મત કરી હોત ? તે ખરે જ તેમ કરી શકત નહિ, કારણ કે સ્વરાજ્ય ભોગવતાં જે સંસ્થાનો ખુદ સામ્રાજ્યમાંથી પણ મરજી પડે તો નીકળી શકે તેમ છે ત્યાંના ગોરાઓને આપેલું વચન પાળવાની તેને ફરજ પડે છે. પણ કાળા લોકોની તો આટલી બધી ગણતરી કરી શકાય નહિ અને હું ધારૂં છું કે વડા પ્રધાનના અભિપ્રાય મુજબ કરવાની આશા પણ રાખી શકાય નહિ. અને તેથી પોતાના વચનભંગને વિષે કરવામાં આવેલા તમામ વાંધાને તેમણે ધૂતકારી કાઢયા છે. હિંદુસ્તાનના લોકોને આવા વર્તનની પહેલાં ટેવ પડી ન હતી, અને સબળમાં સબળ વડા પ્રધાન અને તેમનું પ્રધાનમંડળ આખી દુનીઆની નજર આગળ આવો ચોકખો વચનભંગ કરે છે એ તો એક નવું પરાક્રમ ગણાય અને તેથી જ હવે તમારે વિચારવાનું છે કે તેમના વચન અનુસાર સુલેહની શરતોમાં કેવી રીતે ફેરફાર કરાવવા.

જો તમે ખિલાફત કમિટી અને મહાત્માજી તરફથી શરૂ કરવામાં આવેલી અસહકારની હીલચાલમાં જોડાઓ તો પંજાબના અત્યાચારોને વિષે ન્યાય મેળવવા અસહકાર કરતાં જેવી કાળજી અને સાવધાની રાખવાને મેં કહ્યું છે તે ખિલાફત વિષે પણ અસહકાર કરતાં રાખશો. બીજો કોઈ પણ માર્ગ હું તો સૂચવી શકતો નથી. જે કંઇ થઇ શકે તે બધું અજમાવવામાં આવ્યું છે પણ તે નિષ્ફળજ ગયું છે. સરકારના ઉપર દાબ મૂકવાનો આક્ષેપ આપણા ઉપર મૂકવો નકામો છે. આપણા દુઃખને વિષે ન્યાય મેળવવાને આપણે કંઈ પણ કરીએ તે સહેજે દબાણરૂપ ગણાશે.

૧૮. બીજા જે સવાલોને વિષે આપણે તરતજ પગલાં ભરવાની જરૂરછે તેમાંનો એક તો એ છે કે દુનીઆના જે ભાગની સાથે આપણને સંબંધ નથી ત્યાંથી હિંદી લશ્કરને પાછાં ખેંચી લેવાં જોઈએ. હાલ મેસેપોટેમિયામાં આશરે ૫૫,૦૦૦ હિંદી સિપાઈઓ છે. આપણને કહેવામાં આવે છે કે આરબો આપણને ધિક્કારે છે. હું એ વાત માની શકું છું અને તેથી હું પૂછું છું કે મેસેપોટેમિયાને આપણી સાથે ને આપણને મેસેપોટેમિયા સાથે શી લેવા દેવાછે ? જ્યાં આપણો કશો સંબંધ નથી ત્યાં હિંદુસ્તાનની સરહદની બહાર હિંદુસ્તાનનું લશ્કર શા માટે ઉપયોગમાં લેવું જોઈએ ? આપણને પૂછ્યા સિવાય મેસેપોટેમિઆની હકુમત ઇંગ્લંડે સ્વીકારી છે અને તેથી તે દેશમાં હકુમત ચલાવવાનું કામ પણ અંગ્રેજોએ અને અંગ્રેજ સંસ્થાનવાસીઓએજ કરવું જોઈએ. આજે આપણા માણસોનો વારો છે, કાલે આ ગાંડા સાહસમાં આપણાં નાણાં પણ ખરચવામાં આવશે. આપણા જાણવામાં છે તે પ્રમાણે બીજા સંસ્થાનોના સિપા-

ઈઓ આ લડાઈમાં ભાગ લેતા નથી. આપણા સિપાઈઓની મદદથી બ્રિટિશ સલ્તનતમાં નવા પ્રદેશો ઉમેરવામાં આવ્યા છે. તેનો તમામ લાભ ગોરા લોકોને મળે છે, અને આપણી સરખા હક્કની માગણીને પણ તુચ્છકારી કાઢવામાં આવે છે તે બધું જાણીબુજીને પણ આપણા સિપાઈઓને પરદેશ લડવાને મોકલવામાં આપણી સરકાર પોતાની સત્તાનો બેશરમી રીતે કેવો દુરૂપયોગ કરે છે. પૂર્વ આફ્રિકાની જીતમાં જે સરસ સિરપાવ હિંદુસ્તાનને મળે છે તે તરફ હું તમારૂં ધ્યાન ખેંચું છું. મારા અભિપ્રાય મુજબ આ પરિષદે આપણા સિપાઈઓના આવા ગેરઉપયોગની સામે સખત વાંધો ઉઠાવવો જોઈએ, કારણ કે હિંદી સિપાઈઓને મેસેપોટેમિયામાંથી વહેલામાં વહેલા પાછા બોલાવી લેવાનું પાર્લામેન્ટમાં જણાવ્યા પછી ત્યાં હજી પણ નવા સિપાઈઓ મોકલવામાં આવે છે.

૧૯. નવી ધારાસભાઓ હવે થોડાજ વખતમાં રચાવાની છે. તેના તરફ કેવું વલણ રાખવું તે પણ આપણે વિચારવાનું છે. અસહકારનો તમે જે ક્રમ ઘડશો તેના ઉપર આ બાબતનો ઘણો આધાર રહેશે. આ વિષે આપણા દેશમાં કંઈક મતભેદ જોવામાં આવે છે. જેઓ અસહકાર કબૂલ રાખે તેઓ આ ધારાસભામાં કેવી રીતે જઈ શકે તે હું સમજી શકતો નથી. ધારાસભામાંથી દૂર રહેવાથી તરત તો કંઇ હાનિ થાય તેમ નથી, કારણ કે તે દરમ્યાન તમે સરકાર સાથે અસહકાર કરીને તમારો કાર્યક્રમ પાર પાડવાને માટે પ્રજાને તાલીમ આપશો અને વ્યવસ્થા રચશો. આ બાબતમાં આપણા ઘણા ભાઈઓ આપણી સાથે એકમત નથી અને તેથી તેઓ સુધારાનો અમલ કરવામાં સરકારની સાથે સહકાર કરશે. તેમને તરતજ જણાશે કે તેમને જે સત્તાઓ આપવામાં આવી છે તેનો ઉપયોગ કરવાને માટે જોઇતાં નાણાંનું સાધન નથી. જ્યારે આપણે સંગીન કામ કરીને પ્રજાને કેટલી તાલીમ આપી શકીએ છીએ અને કેટલી સુવ્યવસ્થિત કરી શકીએ છીએ તે બતાવી આપીશું અને જ્યારે પુરવાર કરીશું કે હાલના સંજોગોમાં સુધારાથી તેઓ કંઈ પણ કરી શકશે નહિ ત્યારે તેઓ આપણી સાથે ખુશીથી મળી જશે. આમ જ્યારે બધા પક્ષ એક થશે ત્યારે આપણે અસાધારણ ફતેહ મેળવી શકીશું.

૨૦. હિન્દી નાગરિકોને છાજે તેવી કેળવણી આપણા વિદ્યાર્થીઓને આપવા માટે રાષ્ટ્રિય પાઠશાળાઓની આપણને જરૂર પડશે. આપણા વિદ્યાર્થીઓ પહેલ્લે દરજ્જે હિન્દી છે અને અમુક કોમ કે ધર્મના પછી છે એવું ભાન તેમને થાય તે માટે આપણે જ જે વિષયો નક્કી કરીએ તે તેમને કંઈ પણ વાંધા વગર આપણી શાળાઓમાં શીખવી શકીએ. આવી શાળાઓ કાઢવાને માટે

આપણા કેળવાયલા માણસો અને ધનવાનોને મોટા ભોગ આપવા પડશે. મારા જાણવામાં આવ્યું છે કે અમદાવાદ, આણંદ, ભરૂચ, અને સુરતમાં કેટલાક ગ્રેજ્યુએટો મોટો ભોગ આપીને વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને ભણાવે છે. આવા માણસોને ધન્યવાદ છે. આવા સ્વાર્થત્યાગી દેશભક્તો વધારે અને વધારે સંખ્યામાં મેળવવા જોઇએ અને આ મહાન કાર્ય પાર પાડવાને માટે જરૂરનાં નાણાં તેમને આપવાં જોઇએ.

૨૧. છેલ્લી અને અતિશય અગત્યની બાબત ઉપર હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું તે સ્વદેશી હીલચાલની છે. તે હીલચાલનું ભાવિ ઘણું મોટું છે. કેટલાંક વર્ષ ઉપર તેને હસી કાઢવામાં આવતી હતી અને જો કોઈ પહેલાંના કરતાં વધારે જાડું કપડું પહેરવાની હિમ્મત કરે તો તેની મશ્કરી કરવામાં આવતી હતી. હવે તે સ્થિતિ બદલાતી જાય છે ને આ પંથમાં વધારે ને વધારે માણસો જોડાતા જાય છે. પણ આપણે આ હીલચાલને પાકે પાયે રચવી જોઈએ. હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં રેશમી અને સૂતરાઉ કાપડના જે જુદા જુદા નમૂના મળી શકે છે તે બધાં શહેરોમાં અને મોટાં ગામડાંમાં બનાવવાને કાયમનાં મથક ઉઘાડવાં જોઈએ. આથી જુદો જુદો માલ તરતજ મંગાવવાનું સુલભ થઈ પડે. હાલ બીજા પ્રાન્તોમાં શું બને છે તેની આપણામાંના થોડાને જ ખબર હશે. આ વિષય ઉપર ગામે ગામ વ્યાખ્યાન આપવા, લોકોને માલના નમૂના બતાવવા અને ફરમાશો નોંધવાને માણસોની જરૂર પડશે. સ્વદેશીનો પ્રચાર વધારે કરવાને માટે આ પરિષદમાં કંઈક વ્યવહારૂ પગલાં ભરવાની ખાસ જરૂર છે.

૨૨. ભાઇઓ અને બ્હેનો, તમારા જોવામાં આવ્યું હશે કે કોઈ પણ પ્રાંતિક સવાલને વિષે મેં કંઈ વિવેચન કર્યું નથી. ખરૂં જોતાં અસહકારના સવાલ ઉપર આ બધા સવાલોનો આધાર રહેશે. સાધારણરીતે આપણે જુદી જુદી બાબતોમાં સરકારની મદદ માગીએ છીએ પણ જો તમે અસહકાર અંગીકાર કરો તો પછી આવી મદદ માગવી યોગ્ય છે કે નહિ તે વિષે મને સંશય છે. હું જાણું છું તે પ્રમાણે હાલ કોઇ પ્રાન્તિક સવાલ ખાસ ચર્ચાતો નથી પણ જો એવો કોઇ સવાલ હશે તો તે તમારી આગળ ઠરાવના રૂપમાં રજુ કરવામાં આવશે એવી મારી ખાત્રી છે.

૨૩. ભાઇઓ અને બ્હેનો, હું હવે મારૂં ભાષણ પૂરૂં કરૂં છું. હું જાણું છું કે તેમાં આપણી જરૂરીઆતો અને ઇચ્છાઓનું ઘણુંજ અધરૂં વિવેચન

કરવામાં આવ્યું છે પણ મેં જે સવાલો વિષે ચર્ચા કરી છે તે એટલી ગંભીર છે કે તેમાંજ આપણું મગજ ભમ્યાં કરે છે અને તેથી મુખ્યત્વે કરીને તે વિષે વિવેચન કર્યું છે. આમાં સમાયલા મુદ્દાઓ ઘણાજ ગંભીર અને મહત્વના છે તેથી હું તમને વિનંતિ કરીને કહું છું કે તે વિષે તમારી આગળ જેઓ ભાષણ કરે તેમને શાન્તિથી સાંભળશો અને સવાલની બન્ને બાજુઓનો કાળજીથી તોલ કરીને તમારો નિર્ણય આપશો.

અમદાવાદ જમાલપુર રોડ પર આવેલા ધી "નરવર" પ્રિન્ટીંગ પ્રેસમાં ભોગીલાલ નારણદાસ ઓડીવાળાએ છાપ્યું, અને ચોથી ગુજરાત રાજકીય પરિષદના મંત્રી રા. ઈંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિકે પરિષદ માટે પરિષદની ઓફિસમાં પ્રસિદ્ધ કર્યું.